જાહેરાત આપ્યા તા:. ૨૩/૦૯/૨૦૨૨ વર્તમાનપત્ર:..ગુજરાત સમાચાર(સુરત આવૃત્તિ)

# પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

:: લીલા તેમજ સુકાચારા પુરા પાડવા માટે મંગાવેલ ભાવપત્રકો માટે નિયમો, શરત અને સ્પેશીફીકેશન ::

| અ.નં | ચીજવસ્તુનું નામ | ખરીદીનો અંદાજીત જથ્થો | ખરીદીની અંદાજીત રકમ (રૂ.) | અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ(રૂ.) | ટેન્ડર ફી (રૂ.) |
|---|---|---|---|---|---|
| પશુઓને ખવડાવવા માટે નીચે મુજબના ઘાસચારા | | | | | |
| ૧. | લીલી શેરડી/ચીમરી | જરૂરીયાત મુજબ | રૂા. ૫.00લાખની મર્યાદામા | ૧૫000/- | ૧૫00/- (નોન રીફંડેબલ) |
| ૨. | મકાઇ સાઇલેજ | જરૂરીયાત મુજબ | રૂા. ૫.00લાખની મર્યાદામા | ૧૫000/- | |
| ૩. | જુવાર સાઇલેજ | જરૂરીયાત મુજબ | રૂા. ૫.00લાખની મર્યાદામા | ૧૫000/- | |
| ૪. | કુલઘાસ ગાંસડી(સુકો ચારો) | જરૂરીયાત મુજબ | રૂા. ૫.00લાખની મર્યાદામા | ૧૫000/- | |
| ૫ | જુવાર બાટુ (સુકો ચારો) | જરૂરીયાત મુજબ | રૂા. ૫.00લાખની મર્યાદામા | ૧૫000/- | |
| ૬. | જુવાર કડબ (સુકો ચારો) | જરૂરીયાત મુજબ | રૂા. ૫.00લાખની મર્યાદામા | ૧૫000/- | |
| ૭. | સુંઢીયા જુવાર (સુકો ચારો) | જરૂરીયાત મુજબ | રૂા. ૫.૦૦લાખની મર્યાદામા | ૧૫000/- | |
| ૮. | તુવેર ગોતર (સુકો ચારો) | જરૂરીયાત મુજબ | રૂા. ૫.00લાખની મર્યાદામા | ૧૫000/- | |
| ૯. | મગફળી ગોતર (સુકો ચારો) | જરૂરીયાત મુજબ | રૂા. ૫.00લાખની મર્યાદામા | ૧૫000/- | |

**લીલા તેમજ સુકાચારા ખરીદવા માટે નિયમો અને શરતો**

૧. ઇજારદાર ઇસમ પુખ્ત વયનો હોવો જોઇએ અને અસ્થિર મગજનો હોવો જોઇએ નહી.

૨ આપના ભાવો તા.0૧/0૯/૨0૨3 સુધી માન્ય રહે તે રીતે સઘળા ટેક્ષ અને આ કચેરીના ગોડાઉનમાં ખાલી કરી વ્યવસ્થિત ગોઠવણ કરી આપવા સહિતના ભરવાના રહેશે.

3 ટેન્ડર ભરવા માટે ટેન્ડરમાં દર્શાવેલ તમામ ઘાસચારાના ભાવ ભરવા જરૂરી નથી. ટેન્ડર ફી એક કે તેથી વધુ ઘાસચારાના ભાવો માટે એક જ રહેશે જ્યારે ઇ.એમ.ડી.જેટલા ઘાસચારાના ભાવો ભરો તે દરેક માટે અલગ-અલગ ભરવાના રહેશે. આપના ભાવો આ સાથેના નિયત ટેન્ડર ફોર્મમાં આપને ફકત લાગુ પડતા ઘાસચારા માટે ભરી તેમાં માંગ્યા પ્રમાણે સહિ સિક્કા કરી તેને બંધ કવરમાં મુકી તેની પર "લીલાતેમજ સુકાચારાના ભાવ" એમ લખાણ કરી તા. ૧૫/૧૦/૨૦૨૨ સુધીમાં નીચે મુજબના સરનામે મળે તે રીતે પોષ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે.

ઈશ્યુ કરનાર માંગણી કરનાર ચકાસણી કરનાર મંજુર કરનાર

સંશોધન વૈજ્ઞાનિકશ્રી,
પશુ સંશોધન કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

સરનામું :

**પ્રતિ,**
**સંશોધન વૈજ્ઞાનિકશ્રી,**
**પશુ સંશોધન કેન્દ્ર નવસારી કૃષિ યુનિવર્સિટી**
**એરુ ચાર રસ્તા , દાંડી રોડ , નવસારી- ૩૯૬૪૫૦**

૪. ટેન્ડર સાથેની ડિપોઝીટની રકમ પેટે માન્યતા પ્રાપ્ત બેંકના **"RESEARCH SCIENTIST, LRS"** નામના ડી.ડી./ઓનલાઇન ટ્રાન્સફરની રસીદ ટેન્ડર સાથે જોડવાના રહેશે. ડિપોઝીટ/ટેન્ડર ફી ઓનલાઇન ટ્રાન્સફર RESEARCH SCIENTIST ના સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના એકાઉન્ટ નં. **36971644285(IFSCકોડ SBIN003889)**માં કરવી. અસફળ રહેલા બીડરોને ઇ.એમ.ડી. ડિપોઝીટની રકમ વગર વ્યાજે પરત કરી આપવામાં આવશે. પરંતુ ટેન્ડર ફી પરત કરવામાં આવશે નહી.

૫. ભાવપત્રક ખોલનાર સમિતિ જરૂર જણાયે ન્યુનતમ ભાવવાળી પાર્ટી સાથે વાટાઘાટો કરી શકશે .

૬. ન્યુનતમ ભાવવાળી પાર્ટીએ ખરીદ ઓર્ડરના ૫ % રકમ સીક્યોરીટી ડિપોઝીટ તરીકે ખરીદી ઓર્ડર મળ્યેથી તાત્કાલિક જમા કરવાની રહેશે. જેને આપેલ ઓર્ડર પૂરો કર્યા બાદ વગર વ્યાજે પરત કરવામાં આવશે. જ્યારે ઈ.એમ.ડી. ને સિક્યોરીટી ડિપોઝીટ જમા કર્યા બાદ વગર વ્યાજે પરત કરવામાં આવશે. ઈ.એમ.ડી. ને સિક્યોરીટી ડિપોઝીટ તરીકે ગણવામાં આવશે નહીં

૭ સુકાચારા પૂરા પાડવા માંગતા હોય તેમાનું એક સેમ્પલ ઓર્ડર મેળવતાંની સાથે આ કેન્દ્ર ખાતે રજૂ કરવાનું રહેશે.

૮. ભાવ મંજુર થયા બાદ ઘાસચારા મોકલતી વખતે તેની ગુણવત્તા બાબતે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

૮.૧ લીલા ઘાસચારામાં ભેજનું પ્રમાણ ૬૫ થી ૮૦ ટકા વચ્ચે હોવુ જોઇએ.

૮.૨ સૂકાઘાસચારામાં ભેજનું પ્રમાણ વધુમાં વધુ ૧૫ ટકા સ્વીકરવામાં આવશે.

૮.3 જો કોઈ પાર્ટી દ્વારા ઘાસચારા સપ્લાયમા ગેરરીતી કે છેતરપીંડી કરવામાં આવશે તો સદર પાર્ટીની સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૮.૪ ઘાસચારામાં ભેજનું પ્રમાણ જરૂર જણાયે અત્રેની યુનીવર્સીટી દ્વારા પૃથ્થકરણ કરી નક્કી કરવામાં આવશે અને તે જ દરેકને સર્વ સ્વીકાર્ય રહેશે.

૮.૫ નહી સ્વીકારેલો અને પરત કરેલો માલ પાર્ટીએ સ્વખર્ચે ભરી જવાનો રહેશે.

૯ આપે માલ જાહેર રજા સિવાય કચેરી ચાલુ હોય તેવા દિવસો અને કચેરીના કામકાજ સમય દરમ્યાન જ (સવરે ૮;00 થી સાંજે ૫;00) મોકલવાનો રહેશે અને માલનો વજન આપની કક્ષાએથી સરકાર માન્ય વે બ્રીજ પર કરાવી લેવાનો રહેશે. જરૂર જણાયે વજનની ખાતરી યુનિવર્સિટી ફાર્મ ખાતેના વે બ્રીજ પર અત્રેના કેન્દ્રના સ્ટોર કર્મચારી/ અધિકારી દ્વારા આપના પ્રતિનિધિ/ડ્રાયવરની હાજરીમાં કરવામાં આવશે. આવા કેસમાં કાંટા ચીઠ્ઠી પરનો વજન અને યુનિવર્સિટીના વે બ્રીજ પર કરવામાં આવેલ વજન પૈકી જે વજન ઓછો હશે તે માન્ય રહેશે.

૧૦ જે વાહનમાં માલ સપ્લાય કરવામાં આવે છે તે વાહન આર.સી.બૂકની ઝેરોક્ષ નકલ કે જેમાં વાહનનુ ખાલી વજન દર્શાવેલ હોય તે અત્રેથી જરૂર જણાય તો આપવાની રહેશે.

૧૧ આપના બીલનુ ચુકવણું કરતી વખતે પ્રવર્તમાન નિયમ મુજબ જુદા-જુદા વેરાઓ કપાતને આધીન રહેશે. ટેન્ડર સાથે

પાન કાર્ડની નકલ સામેલ કરવાની રહેશે.

૧૨ અત્રેની કચેરી ખાતે આપના ભાવ મળશે તે વખતે આપે સઘળી શરતો વાંચી છે અને તે તમામ આપને સ્વીકાર્ય છે તેવુ માનવામાં આવશે જેથી આપે ભાવ ભરતા પહેલા આ સઘળી શરતો વાંચી ને જ ભાવ ભરવાના રહેશે. આપનુ ભાવ પત્રક સ્વીકારવું અથવા ભાવપત્રકના અમુકજ ભાવો સ્વીકારવા કે સંજોગોવસાત આખુ ભાવ પત્રક રદ કરવાના અધિકાર કેન્દ્રના વડાનો નિર્ણય આખરી રહેશે. તેમજ કાનુની બાબતોમાં નવસારી કાનુની સત્તા મંડળ રહેશે.

૧૩ ટેન્ડર મંજુર થયેલ પાર્ટીએ નક્કી કર્યાનાં ધારા ધોરણ મુજબ શરતોને બંધનકર્તા છે એમ લખાણ રૂ. ૩૦૦ નાં નોન જુડીશીઅલ સ્ટેમ્પ પેપર પર લખી આપવાનું રહેશે.(નમુના 'અ' મુજબ)

૧૪ ઉપરોક્ત શરત મુજબનો માલ પૂરો પાડેલ ન હોય તેવા કિસ્સામાં કેન્દ્રના વડાનો નિર્ણય આખરી ગણાશે.

૧૫ શરતી ભાવો માન્ય રાખવામાં આવશે નહી.

ઉપરોક્ત શરતો મને કબુલ મંજુર છે.

પાર્ટીની સહી- સિક્કા

મોબાઇલ નંબર

# <u>ટેન્ડર</u>

## પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

:: લીલા તેમજ સુકાચારા પુરા પાડવા માટેના કોરા ટેન્ડર ફોર્મ ::

**ટેન્ડર ક્રમ : .............**

| અ.નં | ચીજવસ્તુનું નામ | ખરીદીનો અંદાજીત જથ્થો | ભરેલા ભાવ પ્રતિ ટન(રૂપિયા) | |
|---|---|---|---|---|
| | | | આંકડામાં | શબ્દોમાં |
| ૧. | લીલી શેરડી/ચીમરી | રૂ. ૫.૦૦ લાખની મર્યાદામા | | |
| ૨. | મકાઇ સાઇલેજ | રૂ. ૫.૦૦ લાખની મર્યાદામા | | |
| ૩. | જુવાર સાઇલેજ | રૂ. ૫.૦૦ લાખની મર્યાદામા | | |
| ૪. | કુલધાસ ગાંસડી(સુકો ચારો) | રૂ. ૫.૦૦ લાખની મર્યાદામા | | |
| ૫ | જુવાર બાટુ (સુકો ચારો) | રૂ. ૫.૦૦ લાખની મર્યાદામા | | |
| ૬. | જુવાર કડબ (સુકો ચારો) | રૂ. ૫.૦૦ લાખની મર્યાદામા | | |
| ૭. | સુંઢીયા જુવાર (સુકો ચારો) | રૂ. ૫.૦૦ લાખની મર્યાદામા | | |
| ૮. | તુવેર ગોતર (સુકો ચારો) | રૂ. ૫.૦૦ લાખની મર્યાદામા | | |
| ૯. | મગફળી ગોતર (સુકો ચારો) | રૂ. ૫.૦૦ લાખની મર્યાદામા | | |

ઉપરોકત ભાવો સામેલ શરતો મુજબ અને રજુ કરેલા સેમ્પલ મુજબની ગુણવત્તા વાળો માલ આપનાર કેન્દ્ર ખાતે અને સઘળા ટેક્ષ સાથેનો છે.

| અ.નં | વિગત | | રકમ રૂપિયા | રોકડ/ડી.ડી./ઓનલાઈન ટ્રાન્ઝેકશન | બેન્કનું નામ | રોકડ રસીદ નં./ડી.ડી. નં./ ટ્રાન્ઝેકશન નં. | તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **ટેન્ડર ફી** | | ૧૫૦૦ /- | | | | |
| ૨. | ઇ.એમ.ડી. | લીલી શેરડી/ચીમરી | ૧૫૦૦૦/- | | | | |
| | | મકાઇ સાઇલેજ | ૧૫૦૦૦/- | | | | |
| | | જુવાર સાઇલેજ | ૧૫૦૦૦/- | | | | |
| | | કુલધાસ ગાંસડી(સુકો ચારો) | ૧૫૦૦૦/- | | | | |
| | | જુવાર બાટુ (સુકો ચારો) | ૧૫૦૦૦/- | | | | |
| | | જુવાર કડબ (સુકો ચારો) | ૧૫૦૦૦/- | | | | |
| | | સુંઢીયા જુવાર (સુકો ચારો) | ૧૫૦૦૦/- | | | | |
| | | તુવેર ગોતર (સુકો ચારો) | ૧૫૦૦૦/- | | | | |
| | | મગફળી ગોતર (સુકો ચારો) | ૧૫૦૦૦/- | | | | |

**સદર ટેન્ડરની આ સાથે સામેલ શરતો મને કબૂલ મંજુર છે.**

તા. : / /

**પાર્ટીના સહી/સિક્કા :**

**માલિકનું નામ અને સરનામું :**

**કોન્ટેક્ટ નંબર :**

**PIN /TIN / CST/ GST નંબરોની વિગત :**
**(નકલ સામેલ રાખવી)**

**PAN CARD NO . : (નકલ સામેલ રાખવી)**

## – :: **<u>ટેન્ડર નોટીસ</u>** :: –

**પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દાંડી રોડ, એરૂચાર રસ્તા, નવસારી – મો. નં. : ૯૪૨૬૩૯૨૮૨૩ ખાતે પશુઓને ખવડાવવા માટે વિવિધ પ્રકારના ઘાસચારા જેવા કે લીલી શેરડી/ચીમરી, જુવાર બાટુ, જુવાર કડબ, ફુલઘાસ ગાંસડી, સુંઢીયા જુવાર, તુવેર ગોતર, મગફળી ગોતર અને સાયલેજ ખરીદવાના છે. સદરહુ ટેન્ડર ન.કૃ.યુ. ની વેબસાઈટ <u>www.nau.in</u> પર મુકવામાં આવેલ છે ત્યાંથી ડાઉનલોડ કરવાના રહેશે. જેમા દર્શાવેલ નિયમો, શરતો અને સ્પેશીફીકેશન મુજબ આપ ટેન્ડર ભરવા માંગતા હોય તો ટેન્ડર ફી અને ડીપોઝીટ સાથે બંધ કવરમાં ભરી તેને ઉપરોકત સરનામે કચેરી સમય દરમ્યાન <u>તા. ૧૫/૧૦/૨૦૨૨</u> સુધીમાં મળે તે રીતે પોષ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે.**

**(સંશોધન વૈજ્ઞાનિક)**
**પશુ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી**

# નમૂનો 'અ'

## :: બાહેંધરી પત્રક ::

આથી બાહેંધરી લખી આપવામાં આવે છે કે હું______________________________________________

રહેવાસી ____________________________________________________ ને દ્વારા નવસારી કૃષિ યુંનિવર્સીટી ના પશુ સંશોધન કેન્દ્ર દ્વારા ઘાસ ચારા પૂરા પાડવા માટેના ટેન્ડર મંજૂર થયેલ છે. નવસારી કૃષિ યુંનિવર્સીટી દ્વારા કરાયેલ શરતો અને બોલીઓં મને ગ્રાહ્ય છે. અને મને સર્વ સંમતિથી બંધનક ર્તા રહેશે. સદર ટેન્ડરની તમામ શરતો મે સભાન અવસ્થામાં વાંચી છે અને મને સંપુર્ણપણે માન્ય હોવાની બાંહેધરી આપું છું. જો આ શરતો અંગે ચુક થશે તો કચેરી ના વડાનો આખરી નિર્ણય અમને માન્ય રહેશે.

**પાર્ટીનું નામ અને સહી**